અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બામણવા	૧	બામણવા
		૨	ગુંદરાસણ
		૩	કમાલપુર
૨	બિલીયા	૧	બિલીયા
		૨	મોરવાડ
		૩	ગુંછડી
		૪	અભરામપુરા
		૫	તાતોસણ
૩	ડાભલા	૧	ડાભલા
		૨	ચંદ્રનગર (ડા)
		૩	મહાદેવપુરા (ડા)
		૪	દેવીપુરા (ડા)
		૫	માણેકપુરા (ડા)
૪	દગાવાડીયા	૧	દગાવાડીયા
		૨	દેવડા
		૩	આસોડા
		૪	વડોસણ
૫	ઘનપુરા (ઘાંટૂ)	૧	ઘનપુરા (ઘાંટુ)
		૨	દેવપુરા
		૩	રામપુરા (કુ)
		૪	રણછોડપુરા
૬	ફલુ	૧	ફલુ
		૨	જેપુર
		૩	આગલોડ
૭	ફૂદેડા	૧	સરદારપુર
		૨	પીરોજપુરા
		૩	ફૂદેડા
૮	ગવાડા	૧	ગવાડા
		૨	મહાદેવપુરા (ગ)
		૩	માલોસણ વોર્ડ નં. ૨ તથા ૧૦ (કરશનપુરા)

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૯	ગેરીતા	૧	ગેરીતા
		૨	હસ્નાપુર (ગે)
		૩	કેલીસણા
		૪	સોખડા
		૫	સયાજીનગર
૧૦	હિરપુરા	૧	હિરપુરા
		૨	ગઢડા
		૩	ગણેશપુર
		૪	હાથીપુરા
૧૧	જંત્રાલ	૧	જંત્રાલ
		૨	અબાસણા
		૩	મલાવ
૧૨	ખરોડ	૧	ખરોડ
		૨	મંડાલી (ખ)
૧૩	કુકરવાડા-૧	૧	કુકરવાડા-૧ વોર્ડ નં. ૧ થી ૯
૧૪	કુકરવાડા-૨	૧	કુકરવાડા-૨ વોર્ડ નં. ૧૦ થી ૧૪
		૨	આનંદપુરા (કુ)
		૩	ઉબખલ
૧૫	લાડોલ-૧	૧	લાડોલ-૧ વોર્ડ નં. ૧ થી ૧૧
૧૬	લાડોલ-૨	૧	લાડોલ-૨ વોર્ડ નં. ૧૨ થી ૧૬
		૨	માલોસણ વોર્ડ નં. ૧ તથા ૩ થી ૯
		૩	ચાંગોદ
૧૭	પામોલ	૧	પામોલ
		૨	કોલવડા
૧૮	પિલવાઈ	૧	પિલવાઈ
		૨	ફતેપુરા (પી)
		૩	પટેલપુરા (પી)
૧૯	રણશીપુર	૧	રણશીપુર
		૨	રામપુર (કોટ)
		૩	કોટ
		૪	ડેરીયા
		૫	ટેચાવા
૨૦	સંઘપુર	૧	સંઘપુર
		૨	વજાપુર
		૩	ભાણપુર
		૪	ભીમપુરા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૨૧	સુંદરપુર	૧	સુંદરપુર
		૨	હસ્નાપુર (સોજા)
		૩	સોજા
		૪	માઢી
		૫	પેઢામલી
૨૨	વસાઈ-૧	૧	વસાઈ-૧ વોર્ડ નં. ૧ થી ૧૦
૨૩	વસાઈ-૨	૧	વસાઈ-૨ વોર્ડ નં. ૧૧ થી ૧૪
		૨	ટીંટોદણ
		૩	મોતીપુરા
૨૪	વિજાપુર-૧	૧	વિજાપુર જૂથ ગ્રામ પંચાયત ગામના વોર્ડ નંબર. ૧ અને ૨ (આનંદપુરા ગામ)
		૨	કોટડી
		૩	ખણુસા
		૪	કણભા
૨૫	વિજાપુર-૨	૧	વિજાપુર જૂથ ગ્રામ પંચાયત ગામના વોર્ડ નંબર :- ૩ અને ૪ (ગોવિંદપુરા ગામ)
		૨	વિજાપુર જૂથ ગ્રામ પંચાયત ગામના વોર્ડ નંબર-૫ (કનકપુરા ગામ)
		૩	રણાસણ
૨૬	વિજાપુર-૩	૧	વિજાપુર જૂથ ગ્રામ પંચાયત ગામના વોર્ડ નંબર ૬ થી ૧૪ (મહેશ્વરપુરા, મહાદેવપુરા (મ), ભાવસોર, મણીપુરા, મોતીપુરા (ભા)

તાલુકા પંચાયતનું નામ : વિસનગર

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બાસણા	૧	બાસણા
		૨	ચિત્રોડામોટા
		૩	ચિત્રોડીપુરા
૨	ભાલક	૧	ભાલક
		૨	લક્ષ્મીપુરા(ભા)
૩	ભાન્ડુ	૧	ભાન્ડુ
		૨	સાતુસણા
૪	દઢીયાળ	૧	દઢીયાળ
		૨	રામપુરા (લા)
		૩	લાછડી
૫	દેણપ	૧	દેણપ
૬	ગોઠવા-૧	૧	ગોઠવા (વોર્ડ નં. ૧ થી ૫ તથા ૧૦)
		૨	ઘાઘરેટ
૭	ગોઠવા-૨	૧	ગોઠવા (વોર્ડ નં. ૬ થી ૯ તથા ૧૧ થી ૧૨)

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૨	કંકુપુરા (ગોઠવા)
		૩	કામલપુર (ગોઠવા)
૮	ગુંજા	૧	ગુંજા
		૨	કિયાદર
		૩	હસનપુર
૯	જેતલવાસણા	૧	જેતલવાસણા
		૨	બોકરવાડા
		૩	વડુ
૧૦	કડા	૧	કડા
		૨	પુરણપુરા (કડા)
૧૧	કામલપુર(ખ)	૧	કામલપુર (ખરવડા)
		૨	ગુંજાળા
		૩	વિષ્ણુપુરા (ખ)
		૪	થુમથલ
		૫	ગણપતપુરા
૧૨	કમાણા	૧	કમાણા
		૨	સદુથલા
૧૩	કાંસા-૧	૧	કાંસા (વોર્ડ ૩ થી ૮ તથા ૧૨ થી ૧૪)
		૨	રામપુરા(કાંસા)
		૩	ઈયાસરા
૧૪	કાંસા-૨	૧	કાંસા (વોર્ડ ૧ થી ૨ તથા ૯ થી ૧૧)
		૨	સવાલા
૧૫	કંસારાકુઈ	૧	કંસારાકુઈ
		૨	પુદગામ
		૩	ગણેશપુરા (પુ)
		૪	રંડાલા
૧૬	ખદલપુર	૧	ખદલપુર
		૨	કાજીઅલીયાસણા
		૩	રંગપુર
		૪	છોગાળા
		૫	મહમદપુર
૧૭	કુવાસણા	૧	કુવાસણા
		૨	બાજીપુરા (ગો)
		૩	બાકરપુર
		૪	રંગાકુઈ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૮	મગરોડા	૧	મગરોડા
		૨	ખરવડા
		૩	બેચરપુરા
		૪	રાવળાપુરા
૧૯	પાલડી	૧	પાલડી
		૨	થલોટા
		૩	રાજગઢ
૨૦	રાલીસણા	૧	રાલીસણા
		૨	સુંશી
		૩	સેવાલીયા
૨૧	તરભ	૧	તરભ
		૨	ખંડોસણ
૨૨	ઉદલપુર	૧	ઉદલપુર
		૨	ધામણવા
		૩	ધારૂસણા
૨૩	ઉમતા	૧	ઉમતા
૨૪	વાલમ	૧	વાલમ
		૨	ગણેશપુરા (ત)

તાલુકા પંચાયતનું નામ : સતલાસણા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	ભાલુસણા	૧	ભાલુસણા
		૨	કોઠાસણા મોટા
		૩	કોઠાસણા નાના
		૪	શેષપુર
૨	ભીમપુર	૧	ભીમપુર
		૨	વધાર
		૩	ઈશાકપુર
૩	ધરોઈ	૧	ધરોઈ
		૨	ફતેપુરા-જ
		૩	ખોડામલી
૪	હડોલ	૧	હડોલ
		૨	માલાપુરા
		૩	કેવડાસણ
		૪	ધારાવાણીયા
		૫	ગમાનપુરા
		૬	છેલપુરા
		૭	વાવડીગઢ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૫	કનેડીયા	૧	કનેડીયા
		૨	રંગપુર ગઢ
		૩	રાધુપુરા
		૪	ઓટલપુર
		૫	ગલાલપુર
		૬	કાજીપુર
૬	નાનીભાલુ	૧	નાનીભાલુ
		૨	સેમોર
		૩	બેડસ્મા
		૪	વાંસડા
		૫	કુબડા
		૬	મુમનવાસ
૭	રાણપુર	૧	રાણપુર
		૨	જશપુરીયા
		૩	વસઈ
		૪	ચેલાણા
		૫	તખતપુરા
૮	સરદારપુર (ચી)	૧	સરદારપુર (ચી)
		૨	દુલાણા
		૩	કેશરપુરા
		૪	જશપુર
૯	સરતાનપુર	૧	સરતાનપુર
		૨	આંકલીયારા
		૩	નવાવાસ
		૪	રાજપુર ગઢ
૧૦	સતલાસણા-૧	૧	સતલાસણા-૧
૧૧	સતલાસણા-૨	૧	સતલાસણા-૨
		૨	વાવ
૧૨	સુદાસણા	૧	સુદાસણા
૧૩	ટીમ્બા	૧	ટીમ્બા
		૨	આનંદભાખરી
		૩	શાહપુરા
૧૪	ઉમરી	૧	ઉમરી
		૨	ખારી
		૩	તાલેગઢ
		૪	ભાલુમોટી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૫	ઉમરેચા	૧	ઉમરેચા
		૨	ખિલોડ
		૩	ભાટવાસ
		૪	હિંમતપુરા
		૫	રીંછડા
		૬	નીજામપુરા
		૭	પીરોજપુરા
૧૬	વજાપુર	૧	સમરાપુર
		૨	ગોઠડા
		૩	વજાપુર
		૪	ભાણાવાસ
		૫	નેદરડી

તાલુકા પંચાયતનું નામ : જોટાણા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બાલસાસણ	૧	બાલસાસણ
		૨	તેલાવી
૨	ભટાસણ	૧	ભટાસણ
		૨	દીગડી
		૩	આલમપુર
૩	ચાલાસણ	૧	ચાલાસણ
		૨	મોયણ
		૩	ઘાંઘલપુર
		૪	છાલેસરા
૪	ઘનાલી	૧	ઘનાલી
		૨	ઘોળાસણ
૫	જોટાણા-૧	૧	જોટાણા-૧ (વોર્ડ નં. ૧ થી ૮)
૬	જોટાણા-૨	૧	જોટાણા-૨ (વોર્ડ નં. ૯ થી ૧૨)
		૨	ઈજપુરા (જે)
		૩	ભટારીયા
૭	કસલપુરા	૧	કસલપુરા
		૨	મોદીપુર
		૩	રાણીપુરા
		૪	સિડોસણા
૮	કટોસણ	૧	કટોસણ
૯	ખદલપુર	૧	ખદલપુર
		૨	હરસુંડલ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૦	માંકણજ	૧	માંકણજ
૧૧	મરતોલી	૧	મરતોલી
		૨	ગોકળપુરા
		૩	અજબપુરા
		૪	તેજપુરા
૧૨	મેમદપુર	૧	મેમદપુર
		૨	જાકાસણા
૧૩	મુદરડા	૧	મુદરડા
૧૪	રામપુરા(કટોસણ)	૧	રામપુરા (કટોસણ)
		૨	વિરસોડા
		૩	કાનપુરા
૧૫	સાંથલ	૧	સાંથલ
		૨	ઘનપુરા (ક)
૧૬	સુરજ	૧	સુરજ

તાલુકા પંચાયતનું નામ : કડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આદરજ	૧	આદરજ
		૨	આંબલીયારા-મેરડા
૨	આદુંદરા	૧	આદુંદરા
		૨	દેઉસણા
		૩	નગરાસણ
		૪	વિસલપુર
		૫	જાદવપુરા
૩	અગોલ	૧	અગોલ
		૨	પંથોડા
		૩	નદાણ
		૪	નાડોલીયા
૪	અલદેસણ	૧	અલદેસણ
		૨	મોકાસણ
		૩	જાસલપુર
		૪	લક્ષ્મીપુરા (આ)
૫	બાવલુ	૧	બાવલુ
		૨	ઝાલોડા
		૩	લ્હોર-રોઝાપુરી
૬	ભાલ્ઠી-ઘરમપુર	૧	ભાલ્ઠી-ઘરમપુર
		૨	ગલોદરા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૩	કાસ્વા
		૪	કોરડા-ઘુઘલા-ખંડમોરવા
		૫	રણછોડપુરા
		૬	પંઢરપુર
		૭	વિસતપુરા
		૬	મહારાજપુરા
૭	બોરીસણા	૧	બોરીસણા
		૨	ફુલેત્રા
		૩	જેતપુરા
૮	ચંદ્રાસણ	૧	ચંદ્રાસણ
		૨	યશંવતપુરા
		૩	ગોવિંદપુરા
		૪	ખંડેરાવપુરા
		૫	મેઢા
		૫	કણઝરી
૯	ડાંગરવા	૧	ડાંગરવા
		૨	આનંદપુરા
		૩	ટાંકીયા
૧૦	ડરણ	૧	ડરણ
		૨	વિડજ
		૩	નરસિંહપુરા
		૪	સુજાતપુરા
૧૧	ઘુમાસણ	૧	ઘુમાસણ
		૨	ચાંદરડા
		૩	ઉમાનગર (નં)
૧૨	ઈન્દ્રાડ	૧	ઈન્દ્રાડ
		૨	વણસોલ
		૩	અચરાસણ
૧૩	ઈરાણા	૧	ઈરાણા
		૨	બુડાસણ
		૩	અણખોલ
૧૪	કૈયલ	૧	કૈયલ
		૨	ગણેશપુરા
		૩	વડપુરા
		૪	લક્ષ્મીપુરા (નંદા)

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૫	કલ્યાણપુરા	૧	કલ્યાણપુરા
		૨	પાલ્લી
		૩	દેલ્લા
		૪	જેસંગપુરા
		૫	વિનાયકપુરા
૧૬	કરણનગર	૧	કરણનગર
		૨	પીરોજપુર
૧૭	ખાવડ	૧	ખાવડ
		૨	સેદરડી
		૩	નાનપુરા-સોનવડ
		૪	કોલાદ
		૫	લક્ષ્મણપુરા
૧૮	કુંડાળ-૧	૧	કુંડાળ-૧
૧૯	કુંડાળ-૨	૧	કુંડાળ-૨
		૨	બલાસર
		૩	ઉટવા
૨૦	માથાસુર	૧	માથાસુર
		૨	સરસાવ
		૩	ખેરપુર
		૪	નવાપુરા
૨૧	નંદાસણ	૧	નંદાસણ
૨૨	નાનીકડી	૧	નાનીકડી
૨૩	રાજપુર	૧	રાજપુર
૨૪	રંગપુરડા	૧	રંગપુરડા
		૨	મણીપુર
		૩	ડરણ-મોરવા
		૪	દુધઇ
		૫	શીયાપુરા
		૬	જયદેવપુરા
		૭	કરશનપુરા
૨૫	સાદરા-આલુસણા	૧	સાદરા-આલુસણા
		૨	બાબાજીપુરા
		૩	ઢોરીયા
		૪	ચારોલ
		૫	થડોદ
		૬	થોડમલપુરા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૭	હરીપુરા
		૮	કમળાપુરા
		૯	નારણપુરા
		૧૦	સેદરાણા
૨૬	થોળ	૧	થોળ
		૨	ચંદનપુરા
૨૭	વડુ	૧	વડુ
		૨	કરજીસણ
		૩	નારોલા
૨૮	વામજ	૧	વામજ
		૨	વડાવી
		૩	લુણાસણ
૨૯	વરખડીયા	૧	વરખડીયા
		૨	ફતેપુરા-ઈશ્વરપુરા-વલાવડી
		૩	વેકરા
		૪	વાઘરોડા
		૫	જમીયતપુરા
૩૦	ઝુલાસણ	૧	ઝુલાસણ
		૨	ચડાસણ
		૩	અંબાવપુરા

તાલુકા પંચાયતનું નામ : ઉંઝા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	ઐઠોર	૧	ઐઠોર
૨	ભુણાવ	૧	ભુણાવ
		૨	મહેરવાડા
		૩	ખટાસણા
૩	બ્રાહ્મણવાડા	૧	બ્રાહ્મણવાડા
૪	ડાભી	૧	ડાભી
		૨	સુરપુરા
		૩	સુરજનગર
૫	દાસજ	૧	દાસજ
		૨	લીહોડા
૬	કહોડા	૧	કહોડા
૭	કામલી	૧	કામલી
		૨	જગન્નાથપુરા
૮	કંથરાવી	૧	કંથરાવી
		૨	નવાપુરા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૯	કરલી	૧	કરલી
		૨	કરણપુર
૧૦	મક્તુપુર	૧	મક્તુપુર
		૨	ગંગાપુરા (ભાંખર)
૧૧	રણછોડપુરા	૧	રણછોડપુરા
		૨	ભાંખર
૧૨	શીંહી	૧	શીંહી
		૨	સુણક
૧૩	ટુંડાવ	૧	ટુંડાવ
		૨	અમુઢ
૧૪	ઉનાવા-૧	૧	ઉનાવા (વોર્ડ નં. ૨ થી૧૦)
૧૫	ઉનાવા-૨	૧	ઉનાવા (વોર્ડ નં. ૧, ૧૧ થી ૧૬) પ્રતાપગઢ (ઉનાવા)
		૨	પળી
૧૬	ઉપેરા	૧	ઉપેરા
૧૭	વરવાડા	૧	વરવાડા
		૨	વિશોળ
		૩	લીંડી
૧૮	વણાગલા	૧	લક્ષ્મીપુરા (ઐઠોર)
		૨	વણાગલા
		૩	હાજીપુર
		૪	ભવાનીપુરા

તાલુકા પંચાયતનું નામ : ખેરાલુ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	અરઠી	૧	અરઠી
		૨	ચોટીયા
		૩	મહીયલ
૨	ચાડા	૧	ચાડા
		૨	અમરપુરા
		૩	વધવાડી
		૪	દેદાસણ
૩	ચાણસોલ	૧	ચાણસોલ
		૨	સાકરી
૪	ડભાડ	૧	ડભાડ
૫	ડભોડા-૧	૧	ડભોડા-૧ (વોર્ડ નં. ૧ થી ૭)
૬	ડભોડા-૨	૧	ડભોડા-૨ (વોર્ડ નં. ૮ થી ૧૪)
		૨	મહેકુબપુરા
૭	ડાલીસણા	૧	ડાલીસણા
		૨	ડાવોલ
		૩	વરેઠા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૮	દેલવાડા	૧	દેલવાડા
		૨	અંબાવાડા
		૩	લાલાવાડા
		૪	મલારપુરા
૯	ગોરીસણા	૧	ગોરીસણા
		૨	સાંગથળા
૧૦	કુડા જુથ	૧	કુડા
		૨	રહેમાનપુરા
		૩	નળુ
૧૧	લીમડી	૧	લીમડી
		૨	ગઠામણ
		૩	રસુલપુર
		૪	સદીકપુર
		૫	સમોજા
૧૨	લુણવા	૧	લુણવા
		૨	નોરતોલ
૧૩	મલેકપુર(ખે)	૧	મલેકપુર (ખે)
		૨	થાંગણા
૧૪	મંડાલી	૧	મંડાલી
		૨	મછાવા
		૩	ચાચરીયા
૧૫	મંન્દ્રોપુર	૧	મંન્દ્રોપુર
		૨	સુવરીયા
		૩	બળાદ
૧૬	નાનીવાડા-કાદરપુર	૧	નાનીવાડા-કાદરપુર
		૨	નંદાલી-મિયાસણા
		૩	ગાજીપુર
૧૭	પાન્છા	૧	પાન્છા
		૨	મોટી હિરવાણી
		૩	નાની હિરવાણી
૧૮	વિઠોડા	૧	વિઠોડા
		૨	શાહપુર(સંતોકપુરા)
		૩	વાવડી (ખે)
		૪	ફતેપુરા (ખે)

તાલુકા પંચાયતનું નામ : વડનગર

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બાદરપુર	૧	બાદરપુર
		૨	ચાંપા
૨	છાબલિયા-૧	૧	છાબલિયા-૧
૩	છાબલિયા-૨	૧	છાબલિયા-૨
		૨	આનંદપુરા
		૩	ત્રાંસવાડ
		૪	શેખપુર વડ
		૫	ચાંદપુર
૪	જાસ્કા	૧	જાસ્કા
		૨	બાબીપુરા
૫	કહીપુર	૧	કહીપુર
		૨	સબલપુર
		૩	મિરજાપુર
૬	કરબટીયા	૧	કરબટીયા
		૨	પીંપળદર
		૩	રાજપુર (વડ)
૭	કેસીમ્પા	૧	કેસીમ્પા
		૨	સુલીપુર
૮	મલેકપુર(વડ)	૧	મલેકપુર (વડ)
		૨	કમાલપુર (વડ)
		૩	ખતોડા
		૪	બાજપુરા
૯	મોલીપુર	૧	મોલીપુર
		૨	શેખપુર (ખે)
		૩	હાજીપુર
૧૦	શાહપુર(વડ)	૧	શાહપુર (વડ)
		૨	ઉઢાઇ
૧૧	સીપોર-૧	૧	સીપોર-૧
૧૨	સીપોર-૨	૧	સીપોર-૨
		૨	સરણા
		૩	નવાપુરા
		૪	ખટાસણા
		૫	ખાનપુર
૧૩	સુલતાનપુર(વડ)	૧	સુલતાનપુર (વડ)
૧૪	સુંઢિયા-૧	૧	સુંઢિયા-૧

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૫	સુંઢિયા-૨	૧	સુંઢિયા-૨
		૨	નવાપુરા (સું)
		૩	જગાપુરા
૧૬	ઉણાદ	૧	ઉણાદ
		૨	મઢાસણા
		૩	કરશનપુરા
૧૭	ઉડણી	૧	ઉડણી
		૨	ગણેશપુરા
		૩	આસ્પા
		૪	ડાબુ
		૫	વકતાપુર
		૬	ઉજ્જડ
૧૮	વલાસણા	૧	વલાસણા
		૨	વાગડી જુની
		૩	વાગડી નવી
		૪	શોભાસણ

તાલુકા પંચાયતનું નામ : મહેસાણા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	અંબાસણ	૧	અંબાસણ
		૨	ભેસાણા
		૩	અમીપુરા
		૪	દીવાનપુરા
૨	આંબલીયાસણ ગામ	૧	આંબલીયાસણ ગામ
		૨	આંબલીયાસણ સ્ટે.
૩	બાલીયાસણ	૧	બાલીયાસણ
		૨	ટુંડાલી
		૩	ભાસરીયા
૪	બલોલ	૧	બલોલ
		૨	મીઠા
૫	બોરીયાવી	૧	બોરીયાવી
		૨	મેવડ
૬	ચલુવા	૧	ચલુવા
		૨	આખજ
૭	છઠીયારડા	૧	છઠીયારડા
		૨	અલોડા
		૩	ગણેશપુરા (અ)
		૪	રૂપાલ (હ)

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૫	હરીપુરા (૩)
		૬	હરદેસણ
૮	દેવરાસણ	૧	દેવરાસણ
		૨	પુનાસણ
		૩	મેધા અલીયાસણ
		૪	કડવાસણ
૯	ધોળાસણ	૧	ધોળાસણ
		૨	જેતલપુર
		૩	ભાકડીયા
		૪	ગેરતપુર
		૫	સાંગણપુર
૧૦	ગોરાદ	૧	ગોરાદ
		૨	વિરતા
		૩	ખરસદા
		૪	દવાડા
		૫	રામ વિજયનગર
૧૧	ગોઝારીયા-૧	૧	ગોઝારીયા-૧
૧૨	ગોઝારીયા-૨	૧	ગોઝારીયા-૨
		૨	ચરાડુ
૧૩	જગુદણ	૧	જગુદણ
		૨	કોચવા
		૩	દિતાસણ
૧૪	જોરણંગ	૧	જોરણંગ
		૨	જમનાપુર
		૩	ધનપુરા
૧૫	ખેરવા	૧	ખેરવા
૧૬	લાંઘણજ	૧	લાંઘણજ
૧૭	લીંચ	૧	લીંચ
૧૮	મગુના	૧	મગુના
		૨	લાલજીનગર
		૩	હિંગળાજપુરા
		૪	દેવીનાપુરા
		૫	દેલોલી
૧૯	મંડાલી	૧	મંડાલી
		૨	નવી શેઢાવી
		૩	જુની શેઢાવી
		૪	હાડવી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૨૦	મેઉ	૧	મેઉ
		૨	બદલપુરા
		૩	બળવંતપુરા
૨૧	મોટીદાઉ	૧	મોટીદાઉ
		૨	બામોસણા
		૩	મોહનપુરા
૨૨	મુલસણ	૧	મુલસણ
		૨	ધાંધુસણ
		૩	પઢારીયા
૨૩	નદાસા	૧	નદાસા
		૨	પાલજ
		૩	ગમાનપુરા
		૪	ઈજપુરા (બા)
૨૪	નાનીદાઉ	૧	નાનીદાઉ
		૨	પાલોદર
		૩	સોનેરીપુરા
		૪	બુટ્ટા પાલડી
૨૫	નુગર	૧	નુગર
		૨	ગીલોસણ
		૩	બોદલા
		૪	કરશનપુરા
૨૬	પાંચોટ	૧	પાંચોટ
		૨	આનંદપુરા (પાં)
૨૭	પીલુદરા	૧	પીલુદરા
		૨	ગઢા
		૩	ચિત્રોડીપુરા
૨૮	સામેત્રા	૧	સામેત્રા
		૨	ખારા
		૩	લક્ષ્મીપુરા
૨૯	વડસ્મા	૧	વડસ્મા
		૨	સાલડી
		૩	શંકરપુરા
૩૦	વડોસણ	૧	વડોસણ
		૨	મરેડા
		૩	સખપુરડા
		૪	ગોકળગઢ

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૨૦૨૬

મહેસાણા જિલ્લાની બેચરાજી તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત)ની રચના અંગેનો સુધારા પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૨-બેચરાજી-તા.પં.-૨૦૨૬

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, મહેસાણા તરફથી રજૂ થયેલ દરખાસ્તના આધારે રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૭-૦૨-૨૦૨૬ના રોજ બેચરાજી તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ- સમક-યુનિટ-૦૨-બેચરાજી-તા.પં-૨૦૨૬ પ્રસિદ્ધ કરેલ. જે અન્વયે તા. ૦૯-૦૩-૨૦૨૬ના રોજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક યોજવામાં આવેલ હતી. પરામર્શ બેઠકમાં માન્ય રાજકીય પક્ષો તરફથી વાંધા / સૂચનો રજૂ કરવામાં આવેલ હતા. રજૂ થયેલ વાંધા / સૂચનો ધ્યાને લઈ તે અન્વયે ચકાસણી કરી, અહેવાલ મોકલી આપવા કલેક્ટરશ્રીને જણાવવામાં આવ્યુ. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મહેસાણાએ તેમના તા. ૧૫-૦૩-૨૦૨૬ના પત્રથી બેચરાજી તાલુકા પંચાયતની સીમાંકન અને બેઠક ફાળવણી અંગેની સુધારા દરખાસ્ત રજૂ કરેલ છે. આથી, રાજ્ય ચૂંટણી આયોગનો તા. ૨૭-૦૨-૨૦૨૬નો બેચરાજી તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ રદ કરી, નીચેની વિગતે નવેસરથી બેચરાજી તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગનો સુધારેલ પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ ૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: KPV-17-DC-ELC-L-4-TP-20-2026, તા. ૨૨-૦૧-૨૦૨૬ (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે બેચરાજી તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિનઅનામત સામાન્ય
			અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
			સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
મહેસાણા	બેચરાજી	૧૬	૦	૧	૧	૦	૨	૨	૫	૫

૨. વિકાસ કમિશનરશ્રી તાલુકા પંચાયત માટે કલમ ૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ ૧૬(૨) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) અને પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે નિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ ૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ ૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે:

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી સૌથી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળો રચવામાં આવ્યાં હોય તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારુ ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાનાં થતાં હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ નો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે સૌથી નીચેના ક્રમાંક મુજબના લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, લખતર ગામના વોર્ડ નં. ૬ થી ૯ ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં. ૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી રાજ્ય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ૨, ૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી જે તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે અંગે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું નિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭ માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલાઓ સહિત)ની અનામત બેઠકોની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળોના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા વર્ગો માટે આરક્ષિત બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ ૧૬(૨) તથા ગુજરાત તાલુકા તથા જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે એકસરખી જ રાખવાનું શક્ય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની અન્ય સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો / અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધે પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલવે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગને મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી, ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો તે હેતુ પુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકે છે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ-૧૬ તથા નિયમોના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાની વસતી ૮૭૦૧૪ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૫૪૩૮ હોવી જોઈએ. જેમાં ૧૫% વધ ઘટ મુજબ મહત્તમ ૬૨૫૩ તથા લઘુત્તમ ૪૬૨૩ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ એક જ તાલુકામાં આવેલ કોઈ જૂથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલવે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતી	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૨	ચડાસણા	૪૪૫૯	(-) ૩.૦૦
૨	૩	ચંદ્રોડા	૪૧૨૨	(-) ૯.૨૦
૩	૫	દેલવાડા (ખાંટ)	૬૪૬૧	(+) ૩.૮૧

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતી	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૪	૯	કાલરી	૬૮૨૮	(+) ૧૦.૫૬
૫	૧૧	મોઢેરા	૬૮૧૪	(+) ૧૦.૩૦
૬	૧૩	રણેલા	૪૫૮૪	(-) ૦.૭૦
૭	૧૫	સાંપાવાડા	૪૪૩૬	(-) ૩.૪૩
૮	૧૬	શંખલપુર	૬૬૫૪	(+) ૭.૩૬

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ મહેસાણા જિલ્લાની બેચરાજી તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકા મતદાર મંડળમાં સમાવેશ કરેલ ગામનું નામ		ગામની કુલ વસ્તી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની		ખાસ ક્રમાંક	મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		ખાસ ક્રમાંક
		અ.નં.	ગામનું નામ		વસ્તી	ટકાવારી		વસ્તી	ટકાવારી	
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧	આસજોલ	૧	આસજોલ	૨૩૭૯	૧૧૪	૪.૭૯		૦	૦.૦૦૦	
		૨	રૂપપુરા	૨૩૫૩	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
		૩	કરણસાગર	૧૧૯૩	૨૪૨	૨૦.૨૮		૦	૦.૦૦૦	
		૪	વણપુર	૧૪૩	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
			કુલ	૬૦૬૮	૩૫૬	૫.૮૭	૧૨	૦	૦.૦૦૦	-
૨	ચડાસણા	૧	ચડાસણા	૧૫૦૮	૨૮૦	૧૮.૫૭		૦	૦.૦૦૦	
		૨	ઈન્દ્રપ	૮૧૦	૬૨	૭.૬૫		૦	૦.૦૦૦	
		૩	ધનપુરા	૭૭૩	૨૪૫	૩૧.૬૯		૦	૦.૦૦૦	
		૪	છટાસણા	૭૫૪	૮૨	૧૦.૮૮		૦	૦.૦૦૦	
		૫	દેવગઢ	૬૧૪	૧૦	૧.૬૩		૦	૦.૦૦૦	
			કુલ	૪૪૫૯	૬૭૯	૧૫.૨૩	૨	૦	૦.૦૦૦	-
૩	ચંન્દ્રોડા	૧	ચંન્દ્રોડા	૨૦૮૧	૨૨૭	૧૦.૯૧		૧	૦.૦૪૮	
		૨	મંડાલી	૧૦૯૦	૩૪૪	૩૧.૫૬		૧૩	૧.૧૯૩	
		૩	સુરપુરા	૯૫૧	૨૪૩	૨૫.૫૫		૦	૦.૦૦૦	
			કુલ	૪૧૨૨	૮૧૪	૧૯.૭૫	૧	૧૪	૦.૩૪૦	૨
૪	ડેડાણા	૧	ડેડાણા	૨૪૬૬	૪૭	૧.૯૧		૦	૦.૦૦૦	
		૨	દેથલી	૧૩૫૧	૧૧૮	૮.૭૩		૦	૦.૦૦૦	
		૩	બરીયફ	૮૩૫	૪	૦.૪૮		૦	૦.૦૦૦	
		૪	ચાદણકી	૨૫૦	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
		૫	પ્રતાપગઢ	૫૫૬	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
			કુલ	૫૪૫૮	૧૬૯	૩.૧૦	૧૫	૦	૦.૦૦૦	-

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકા મતદાર મંડળમાં સમાવેશ કરેલ ગામનું નામ		ગામની કુલ વસ્તી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની		ખાસ ક્રમાંક	મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		ખાસ ક્રમાંક
		અ.નં.	ગામનું નામ		વસ્તી	ટકાવારી		વસ્તી	ટકાવારી	
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૫	દેલવાડા (ખાંટ)	૧	દેલવાડા (ખાંટ)	૨૨૮૩	૩૦૫	૧૩.૩૬		૦	૦.૦૦૦	
		૨	ધારપુરા (ખાંટ)	૨૨૧૧	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
		૩	સુજાણપુરા	૧૦૦૨	૭૨	૭.૧૯		૦	૦.૦૦૦	
		૪	પોયડા	૯૬૫	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
			કુલ	૬૪૬૧	૩૭૭	૫.૮૪	૧૩	૦	૦.૦૦૦	-
૬	ડોડીવાડા	૧	ડોડીવાડા	૨૪૦૬	૧૩૪	૫.૫૭		૨	૦.૦૮૩	
		૨	આદીવાડા	૧૯૫૨	૧૧	૦.૫૬		૦	૦.૦૦૦	
		૩	વેણપુરા	૧૦૧૭	૧૮	૧.૭૭		૦	૦.૦૦૦	
			કુલ	૫૩૭૫	૧૬૩	૩.૦૩	૧૬	૨	૦.૦૩૭	૬
૭	ગાંભુ	૧	ગાંભુ-દેદરડા	૩૪૨૫	૩૬૯	૧૦.૭૭		૦	૦.૦૦૦	
		૨	ભલગામડા	૧૧૩૦	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
		૩	ગણેશપુરા (ગાંભુ)	૧૦૫૪	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
			કુલ	૫૬૦૯	૩૬૯	૬.૫૮	૯	૦	૦.૦૦૦	-
૮	જેતપુર	૧	જેતપુર	૨૬૪૪	૧૭૪	૬.૫૮		૦	૦.૦૦૦	
		૨	વિજાપુરડા	૧૧૦૫	૧૩૬	૧૨.૩૧		૧	૦.૦૯૦	
		૩	માત્રાસણ	૮૮૭	૨૮	૩.૧૬		૦	૦.૦૦૦	
		૪	રણછોડપુરા	૬૬૬	૪	૦.૬૦		૦	૦.૦૦૦	
			કુલ	૫૩૦૨	૩૪૨	૬.૪૫	૧૦	૧	૦.૦૧૯	૭
૯	કાલરી	૧	કાલરી	૧૮૯૧	૧૧૦	૫.૮૨		૦	૦.૦૦૦	
		૨	ગણેશપુરા (કા)	૧૬૫૫	૭૪	૪.૪૭		૦	૦.૦૦૦	
		૩	દેલપુરા (ખાંટ) ગજાપુરા	૧૫૪૨	૮૩	૫.૩૮		૦	૦.૦૦૦	
		૪	એદલા-હરીપુરા	૧૭૪૦	૬૯	૩.૯૭		૦	૦.૦૦૦	
			કુલ	૬૮૨૮	૩૩૬	૪.૯૨	૧૪	૦	૦.૦૦૦	-
૧૦	ખાંભેલ	૧	ખાંભેલ	૨૬૯૭	૩૭૩	૧૩.૮૩		૩	૦.૧૧૧	
		૨	અંબાલા	૨૧૫૫	૯૬	૪.૪૫		૦	૦.૦૦૦	
			કુલ	૪૮૫૨	૪૬૯	૯.૬૭	૭	૩	૦.૦૬૨	૫
૧૧	મોઢેરા	૧	મોઢેરા	૬૩૭૩	૮૭૦	૧૩.૬૫		૭	૦.૧૧૦	
		૨	અજબપુરા	૪૪૧	૦	૦.૦૦		૦	૦.૦૦૦	
			કુલ	૬૮૧૪	૮૭૦	૧૨.૭૭	૪	૭	૦.૧૦૩	૪
૧૨	મોટપ	૧	મોટપ	૨૯૫૨	૩૨૪	૧૦.૯૮		૦	૦.૦૦૦	
		૨	સદુથલા	૧૬૭૨	૬૪	૩.૮૩		૦	૦.૦૦૦	
			કુલ	૪૬૨૪	૩૮૮	૮.૩૯	૮	૦	૦.૦૦૦	-

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકા મતદાર મંડળમાં સમાવેશ કરેલ ગામનું નામ		ગામની કુલ વસ્તી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની		ખાસ ક્રમાંક	મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		ખાસ ક્રમાંક
		અ.નં.	ગામનું નામ		વસ્તી	ટકાવારી		વસ્તી	ટકાવારી	
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧૩	રણેલા	૧	રણેલા	૨૨૬૭	૩૦૬	૧૩.૫૦		૭૨	૩.૧૭૬	
		૨	કનોડા - કકાસણા	૧૯૬૯	૧૪૬	૭.૪૧		૦	૦.૦૦૦	
		૩	ઉદેલા	૩૪૮	૪૪	૧૨.૬૪		૦	૦.૦૦૦	
			કુલ	૪૫૮૪	૪૯૬	૧૦.૮૨	૫	૭૨	૧.૫૭૧	૧
૧૪	રાંતેજ	૧	રાંતેજ	૨૪૭૫	૨૪૨	૯.૭૮		૦	૦.૦૦૦	
		૨	આકબા	૧૬૬૫	૨૦૮	૧૨.૪૯		૦	૦.૦૦૦	
		૩	પ્રતાપનગર	૭૧૮	૧૪	૧.૯૫		૦	૦.૦૦૦	
		૪	કરણપુરા	૫૧૦	૫૫	૧૦.૭૮		૦	૦.૦૦૦	
			કુલ	૫૩૬૮	૫૧૯	૯.૬૭	૬	૦	૦.૦૦૦	-
૧૫	સાંપાવાડા	૧	સાંપાવાડા	૨૬૬૧	૯૭	૩.૬૫		૦	૦.૦૦૦	
		૨	સુરજ-કોઠારપુરા	૧૭૭૫	૧૭૮	૧૦.૦૩		૦	૦.૦૦૦	
			કુલ	૪૪૩૬	૨૭૫	૬.૨૦	૧૧	૦	૦.૦૦૦	-
૧૬	શંખલપુર	૧	શંખલપુર	૪૧૭૦	૭૩૮	૧૭.૭૦		૮	૦.૧૯૨	
		૨	ફીંચડી	૨૪૮૪	૧૩૪	૫.૩૯		૦	૦.૦૦૦	
			કુલ	૬૬૫૪	૮૭૨	૧૩.૧૦	૩	૮	૦.૧૨૦	૩
			કુલ એંકદર	**૮૭૦૧૪**	**૭૪૯૪**			**૧૦૭**		

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫ (૩) તથા ૬ (૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા / અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૩	ચંદ્રોડા	૧	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૧૩	રણેલા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	આસજોલ	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૨	ચડાસણા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૪	ડેડાણા	સા.શૈ. પછાતવર્ગ
૫	દેલવાડા (ખાંટ)	સા.શૈ. પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ-૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૬	ડોડીવાડા	સામાન્ય સ્ત્રી
૭	ગાંભુ	સામાન્ય સ્ત્રી
૮	જેતપુર	સામાન્ય સ્ત્રી
૯	કાલરી	સામાન્ય સ્ત્રી
૧૦	ખાંભેલ	સામાન્ય સ્ત્રી
૧૧	મોઢેરા	બિન અનામત સામાન્ય
૧૨	મોટપ	બિન અનામત સામાન્ય
૧૪	રાંતેજ	બિન અનામત સામાન્ય
૧૫	સાંપાવાડા	બિન અનામત સામાન્ય
૧૬	શંખલપુર	બિન અનામત સામાન્ય

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી, તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી. તા. ૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરશે.

પંચાયત વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦થી નિયમ-૪માં થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા. સ્વ. ૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક,
તા. ૨૦-૦૯-૨૦૨૫ થી માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે.

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના થશે નહીં)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિના મતદાર મંડળમાં (સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) નિયમાનુસાર બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

સને-૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે આગામી સામાન્ય ચૂંટણી માટે નવું સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

૧૮. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે નિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક**	**ફાળવવામાં આવેલ અ.જા/ અ.જ.જા. બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	**૨**	**૩**	**૪**
અનુસૂચિત જાતિ			
૧૬	શંખલપુર	૩	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૧૩	રણેલા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર**
૨	ચડાસણા	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
૩	ચંદ્રોડા	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
૪	ડેડાણા	સા. શૈ. પછાતવર્ગ
૫	દેલવાડા (ખાંટ)	સા. શૈ. પછાતવર્ગ

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર**
૬	ડોડીવાડા	સામાન્ય સ્ત્રી
૭	ગાંભુ	સામાન્ય સ્ત્રી
૮	જેતપુર	સામાન્ય સ્ત્રી
૧૪	રાંતેજ	સામાન્ય સ્ત્રી
૧૫	સાંપાવાડા	સામાન્ય સ્ત્રી
૧	આસજોલ	બિનઅનામત સામાન્ય

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૯	કાલરી	બિનઅનામત સામાન્ય
૧૦	ખાંભેલ	બિનઅનામત સામાન્ય
૧૧	મોઢેરા	બિનઅનામત સામાન્ય
૧૨	મોટપ	બિનઅનામત સામાન્ય

૨૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે હેઠળના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાની બેચરાજી તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનો અને મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેના સૂચનો મંગાવવાનાં થાય છે.

આથી, આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી 3 (ત્રણ) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, મહેસાણાને પણ આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુનિટ-૨-બેચરાજી-તા.પં.-૨૦૨૬, તા.૧૬-૦૩-૨૦૨૬નું બિડાણ

અનુસૂચિ

જિલ્લાનું નામ : મહેસાણા **તાલુકા પંચાયતનું નામ : બેચરાજી**

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	બેચરાજી	૧	આસજોલ	૧૨	-	બિન અનામત સામાન્ય
		૨	ચડાસણા	૨	-	સા.શૈ. પછાત વર્ગ સ્ત્રી
		૩	ચંદ્રોડા	૧	૨	સા.શૈ. પછાત વર્ગ સ્ત્રી
		૪	ડેડાણા	૧૫	-	સા.શૈ. પછાત વર્ગ
		૫	દેલવાડા(ખાંટ)	૧૩	-	સા.શૈ. પછાત વર્ગ
		૬	ડોડીવાડા	૧૬	૬	સામાન્ય સ્ત્રી
		૭	ગાંભુ	૯	-	સામાન્ય સ્ત્રી
		૮	જેતપુર	૧૦	૭	સામાન્ય સ્ત્રી

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
		૯	કાલરી	૧૪	-	બિન અનામત સામાન્ય
		૧૦	ખાંભેલ	૭	૫	બિન અનામત સામાન્ય
		૧૧	મોઢેરા	૪	૪	બિન અનામત સામાન્ય
		૧૨	મોટપ	૮	-	બિન અનામત સામાન્ય
		૧૩	રણેલા	૫	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૪	રાંતેજ	૬	-	સામાન્ય સ્ત્રી
		૧૫	સાંપાવાડા	૧૧	-	સામાન્ય સ્ત્રી
		૧૬	શંખલપુર	૩	૩	અનુસૂચિત જાતિ

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.01 16:49:42 IST